ત્યાં સુધી મને મશ્કરીનો ભય લાગ્યા કર્યો જ્યાં સુધી મારી જાત ઉપર મેં હસવાનું શીખી ન લીધું
- ચાર્લી ચેપ્લીન


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૪૮ | ૭ ઓગસ્ટ, ૨૦૧૪, ગુરૂવાર; શ્રાવણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

### વિશ્વભરમાં 'ઈબોલા' વાયરસનો ખતરો : ભારતમાં પણ એલર્ટ

આફ્રિકાના ચાર દેશોમાં હાહાકાર મચાવી રહેલો 'ઈબોલા' વાયરસ વિશ્વના અન્ય



દેશોમાં પણ ફેલાઈ રહ્યો છે. ભારત સહિત અનેક દેશોમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે અને તે માટે દેશના તમામ આંતરરાષ્ટ્રીય વિમાની મથકો પર ઈબોલા ચેક પોષ્ટ ઉભા કરવામાં આવી રહ્યા છે. ઈબોલા વાયરસ લોહી અને તેના ચેપથી ફેલાય છે અને દર્દીને શરૂઆતમાં તાવ-નબળાઈ-માંસપેશીઓમાં દર્દ અને ગળુ ખરાબ થવાના લક્ષણો જણાય છે. ઈબોલા વાયરસ નાઈલાજ છે અને તેમાંથી ૯૦ ટકા દર્દીના મોત નોંધાયા છે.

### તમારો સ્માર્ટ ફોન જ હવે તમારા ટીવી અને એસીનું રિમોટ

સ્માર્ટ ફોન હવે દરેક



વ્યક્તિ માટે અનિવાર્ય ઉપકરણ બની જવાનો છે. કારણ કે સ્માર્ટ ફોન માટે નવી એક એપ્લીકેશન એવી શોધાઈ છે જેનાથી તમારો ફોન તમારા ટીવી, એસી, મ્યુઝીક સિસ્ટમ તેમજ લાઈટ વગેરે માટે રિમોટ બની જશે. આ રિમોડ વટે તમે તમારી બારીના પડદા પણ ખોલ બંધ કરી શકશો. એટલું જ નહીં ઘરના દરવાજાના લોકની ચાવી પણ સ્માર્ટ ફોન બની જશે. આ પ્રકારની એપ્લીકેશન એચટીસી અને સેમસંગ મોબાઈલ કંપની બનાવી રહી છે.

### હવે પાસપોર્ટમાં સાવકા કે દત્તક પિતાનું નામ લખી શકાશે

પાસપોર્ટ માટેની અરજીમાં હવે સાવકા પિતાનું નામ પણ દિલ્હી હાઈકોર્ટે એક મહ્ત્વના ચુકાદામાં પાસપોર્ટની અરજીમાં જૈવિક એટલે કે બાયોલોજિકલ પિતાનું નામ લખવાની અનિવાર્યતા રદ કરવા સરકારને



આદેશ કર્યો છે. જસ્ટીસ વિભુ બખરૂએ વિદેશ મંત્રાલય અને પાસપોર્ટ કાર્યાલયને પાસપોર્ટમાં સાવકા પિતાનું નામ નોંધવા આદેશ કર્યો છે. કોર્ટ પાસપોર્ટ મેન્યુઅલ ૨૦૧૦ની જોગવાઈઓને નવેસરથી પરિભાષિત કરવા આદેશ કર્યો છે જેમાં માત્ર જૈવિક પિતાના અવસાન બાદ જ પાલ્ય પિતાનું નામ લખી શકાય તેવી જોગવાઈ છે.

### ગુજરાતની 'લેન્ડ યુઝ પોલીસી' દેશભરમાં લાગુ પડશે

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશની લેન્ડ યુઝ પોલીસીમાં ભારે ફેરફાર કરવા કટીબધ્ધ છે. કેન્દ્ર સરકારની ઈચ્છા ગુજરાત મોડેલની જેમ વિસ્થાપન ઓછુ કરવાની છે અને ઉદ્યોગીકરણની ગતિ ડેવલોપમેન્ટ માટે નકામી જમીનના ઉપયોગથી તેજ થઈ છે. આ મોડેલ હવે મોદી સરકાર દેશભરમાં લાગુ કરવાના મુડમાં છે અને આ માટે ટુંક સમયમાં સર્વક્ષણ હાથ ધરાશે.

# ગાંધીનગરમાં શ્રાવણિયો વરસાદ

## ઘનઘોર વાદળોનો ઘેરાવો શ્રાવણના સરવરિયા વરસાવી વિખેરાઈ જાય છે





(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૬

અષાઢ પુરો થતા શ્રાવણમાં મેઘરાજાનો મિજાજ પણ બદલાયો છે. આકાશમાં ઘેરાયેલા ઘનઘોર વાદળો મન મુકીને વરસવાની બદલે શ્રાવણના સરવરિયા વરસાવી જાય છે. છેલ્લા ૨૪ કલાકમાં અડધા ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

શહેરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે હાઉકલી કરતા મેઘરાજા મનમુકીને વરસતા નથી. આકાશમાં દિનભર ગોરંભાયેલા વરસાદી વાદળો દિવસના અંતે છાંટણા વરસાવી વિખેરાઈ જાય છે. અષાઢી દિવસો વીત્યા બાદ શ્રાવણના આગમન બાદ મેઘરાજાનો મિજાજ પણ બદલાઈ ગયો છે. શ્રાવણના સરવરિયા વરસાદી ઋતુનો અહેસાસ કરાવી જાય છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ૧૧ મી.મી. વરસાદ વરસ્યો છે.

બીજીતરફ છાશવારે વાતાવરણમાં નાટ્યાત્મક પલ્ટો જોવા મળી રહ્યો છે. ઘેરાયેલા વાદળોના લીધે આકાશમાં સતત મેઘસવારી નીખરેલી જોવા મળે છે. જ્યારે વરસાદ મુશળધાર ન વરસતા વાતાવરણમાં ઉકળાટ પ્રવર્તી રહ્યો છે.

# આજે પંચાયતમાં ભાજપ વિધિવત્ સત્તા સંભાળશે

## આતશબાજી સાથે હીના પટેલ અને તેમના સાથીઓ પ્રવેશ કરશે : સે. ૨૧માં જિલ્લા કાર્યાલય ખાતે ઉત્સાહનો માહોલ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે ૧૪ વર્ષ બાદ ભાજપ પુનઃ સત્તાના સૂત્રો સંભાળશે. ૧૨.૩૯ ના વિજયમુહૂર્તમાં પક્ષાંતર કરી ગયેલા જિલ્લા પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ અને તેમના ૮ સાથીઓ હોદ્દાનો ચાર્જ જિલ્લા ભાજપ શહેર ભાજપના આગેવાનોની હાજરીમાં સંભાળશે.

શ્રીમતિ હીના પટેલ અને તેમના ૮ સાથીઓ સવારે ૧૦ વાગે ભાજપના સે. ૨૧ સ્થિત કાર્યાલય શ્રી કમલમ્‌માં પ્રવેશ કરશે. આ પછી ત્યાં સભ્યપદ નોંધણી સહિતની પ્રાથમિક ગતિવિધિ બાદ સભ્યો અને સમર્થકો સાથે તેઓ સે. ૧૭માં આવેલ પંચાયત ભવન તરફ આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયત ભવનમાં પ્રવેશ કરે ત્યારે ભવ્ય આતશબાજી કરવાનું આયોજન છે. આ ઉપરાંત સે. ૨૧ થી જિલ્લા પંચાયતના માર્ગ પર પણ ફટાકડા ફોડવામાં આવશે તેમજ ઢોલ-ત્રાંસા અને શરણાઈના સૂર રેલાવવામાં આવશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ અને તેમના ૮ સાથીઓએ ભાજપમાં સોમવારે સામુહિક પ્રવેશ કર્યો હતો. તેમને પ્રદેશ કાર્યાલય ખાતે સત્કારવામાં આવ્યા હતા. હવે જિલ્લા એકમ દ્વારા આજે વિધિવત્ તેમનો પ્રવેશ અને સત્કાર કરવામાં આવશે.

શ્રી કમલમ્ ખાતે જિલ્લા એકમના પ્રમુખ શ્રી નૈલેસ શાહ, શહેર

● અનુસંધાન પાન-૭ પર

# મહાદેવપુરાની પ્લાયવુડ ફેક્ટરીમાં ભીષણ આગ





(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## વિકરાળ બનેલી આગ પાંચ કલાક બાદ પણ બેકાબુ : ત્રણ-ત્રણ જિલ્લાની ફાયરબ્રિગેડ ઘટના સ્થળે

## અઢી થી ત્રણ કરોડના નુકશાનની ભિતી : મોડી રાત સુધી આગ કાબુમાં લેવા કામગીરી ચાલી રહી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક ચિલોડા-હિંમતનગર હાઈવે પર સ્થિત મહાદેવપુરા પાટીયા પાસે આવેલી પ્લાયવુડ બનાવતી મોટી ફેક્ટરીમાં આજે સમી સાંજે ભીષણ આગ ભભુકી ઉઠી હતી. આ વિકરાળ બનેલી આગને કાબુમાં લેવા માટે ગાંધીનગર, અમદાવાદ ઉપરાંત સાબરકાંઠાના પ્રાંતિજ મળીને ત્રણ-ત્રણ જિલ્લાની ફાયરબ્રિગેડની ટીમો ફાયર ફાયટર સાથે ઘટનાસ્થળે આવી પહોંચી હતી. જો કે પાંચ-પાંચ કલાકની જહેમત બાદ પણ આગ કાબુમાં આવી શકી ન હતી. મોડી રાત સુધી આગ કાબુમાં લેવા કામગીરી ચાલી હતી. આ ઘટનામાં અંદાજે અઢી થી ત્રણ કરોડનો માલ બળીને ખાખ થઈ ગયો હોવાની શક્યતા છે. જો કે, સદ્‌નસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

છાલા ગામ નજીક સ્થિત મહાદેવપુરા પાટીયા પાસે આવેલી ડૉર ટેક વુડ ઈન્ડસ્ટ્રીઝ નામની પ્લાયવુડ બનાવતી મોટી ફેક્ટરી અમદાવાદ સઈજપુર બોઘા વિસ્તારના નરોત્તમભાઈ અને ધનસુખભાઈની છે. આ ફેક્ટરીમાં આજે ચારેક વાગ્યાના અરસામાં અચાનક આગ ભભુકી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. ઘટનાની જાણ થતા જ ગાંધીનગર તથા કલોલ, દહેગામ, ઉપરાંત અમદાવાદ અને સાબરકાંઠાના પ્રાંતિયા વિસ્તારની મળીને ત્રણ જિલ્લામાંથી ફાયરબ્રિગેડની ટુકડીઓ ફાયર ફાયટર સાથે ઘટનાસ્થળે પહોંચી હતી અને પાણીનો સતત મારો શરૂ કરી આગ કાબુમાં લેવાની તજવીજ આરંભી હતી. સાંજે પાણી પણ ખુટી ગયું હતું. ઘટનાની જાણ થતા આસપાસના વિસ્તારના ગ્રામજનોના ટોળેટોળા તથા સ્થાનિક પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સાંજે ૪.૦૦ વાગ્યાથી રાત્રે ૯.૦૦ વાગ્યા સુધી આ આગ કાબુમાં આવી ન હતી. મોડી રાત સુધી આગને અંકુશમાં લાવવાની કામગીરી ચાલી હતી. આગ દુર્ઘટનામાં અંદાજે અઢી થી ત્રણ કરોડનું નુકશાન થયું હોવાની ભીતી છે. પ્રાથમિક તબક્કે આગ દુર્ઘટના શોર્ટ સર્કીટથી સર્જાઈ હોવાનું અનુમાન છે.

# રાજ્યમાં ૯૦ કિ.મી.ના કુલ લંબાઈના ત્રણ નવા રાષ્ટ્રીય ધોરીમાર્ગો જાહેર

ગાંધીનગર, તા.૬

ગુજરાતમાં ૯૦ કિ.મી.ની કુલ લંબાઈના ત્રણ નવા રાષ્ટ્રીય ધોરીમાર્ગો ભારત સરકારના સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે જાહેર કર્યા છે. માર્ગ- મકાન મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે આ અંગેની વિગતો આપી હતી.

શ્રી નિતીનભાઈ પટેલે કહયું કે, કેન્દ્ર સરકારે ગુજરાતના જે અગત્યના રસ્તાઓને નવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ જાહેર કર્યા છે તેમાં સૌરાષ્ટ્રના ભાવનગર-સોમનાથ રસ્તાને કેન્દ્રશાસિત -દેશ દીવ સાથે જોડતા ૧૦ કિ.મી. ઉના, દેલવાડા, માંડવીથી દીવ તથા દીવથી કેસરીયા જંકશન સુધીના ૯ કિ.મી. એમ કુલ ૧૯ કિ.મી.નો રસ્તો તથા વલસાડ જિલ્લાના કરમ્બેલી ફાટકથી દમણ ચેક પોસ્ટ અને પટાલીયાથી ઉદવાડા રેલ્વે સ્ટેશન સુધીના ૧૨.૮ કિ.મી.ના માર્ગને અને ગુજરાત રાજયને મહારાષ્ટ્ર રાજય સાથે જોડતા, મહારાષ્ટ્ર રાજયની સરહદથી સાગબારા-ડેડીયાપાડા-નેત્રાંગ સુધીના ૫૮.૪૦૦ કિ.મી.ના રસ્તાનો સમાવેશ થાય છે. આમ, સમગ્રતયા ૯૦.૨ કિ.મી.ના રસ્તા રાષ્ટ્રીય ધોરીમાર્ગ તરીકે જાહેર થયા છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજયમાં નેશનલ હાઈવેની કુલ લંબાઈ ૩૮૬૯ કિ.મી. છે તે પૈકી રાજય સરકાર હસ્તકના રાષ્ટ્રીય ધોરીમાર્ગો ૨૦૪૦ કિ.મી.ના છે તેમાં હવે ૯૦.૨ કિ.મી.ના આ નવા રાષ્ટ્રીય માર્ગોનો પણ સમાવેશ કરાશે.






# મુન્દ્રા બંદરને સંયુક્ત ક્ષેત્રમાંથી ખાનગી ક્ષેત્રમાં ફેરવવાનો મામલાનો કેગમાં પર્દાફાશ

## શંકરસિંહ વાઘેલાએ કેગના અહેવાલને મુખ્ય શસ્ત્ર બનાવી તાત્કાલીન મુખ્યમંત્રી મોદી પર તીવ્ર પ્રહારો કર્યા : તપાસ થાય તો જેલના સળિયા સિવાય કશું જ ન બચે : મુન્દ્રા બંદરને અદાણીને પધરાવી દેવા ભ્રષ્ટાચારનો ખેલ : શંકરસિંહ

ગાંધીનગર, તા.૬

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે સીએજી રિપોર્ટના ૨૦૧૨-૧૩ના આર્થિક ક્ષેત્ર પરના અહેવાલ તપાસતાં જણાય છે કે, ગુજરાત મેરીટાઈમ બોર્ડના પર્ફોમન્સ ઓઢીટે ગુજરાતને કેટલી હદ સુધીનું બોદું કરી નાંખ્યું છે તેનો રેકર્ડ પરનો તાદશ ચિતાર આપે છે. અમે વિરોધપક્ષે કરેલા આક્ષેપો તો આની પાસે બિલકુલ ગૌણ છે. જો કોલગેટ જેટલી ગંભીરતાથી આ પ્રકરણને તપાસાય તો ભલભલા શાસકો માટે જેલના સળિયા સિવાય કશું બચે નહીં. ઓડીટ અવલોકનોનો અભ્યાસ નીચે પ્રમાણે પરિસ્થિતિ ઉજાગર કરે છે. રાજ્ય સરકારે ૧૯૯૫માં બંદર નીતિ જાહેર કરી અને ૧૦ બંદરોનો વિકાસ કરવાનું નક્કી કર્યું. આ ૧૦ બંદરોમાંથી ૪ બંદરો સંયુક્ત ક્ષેત્રમાં અને ૬ બંદરો ખાનગી ક્ષેત્રમાં વિકસાવવાનું નક્કી થયેલ હતું. પોર્ટ પોલીસી અ બાઈન્ડીંગ ડોક્યુમેન્ટ ટુ ધ ગર્વમેન્ટ એન્ડ ટુ ધ મેરીટાઈમ બોર્ડ મુન્દ્રા બંદર સંયુક્ત ક્ષેત્રમાં



વિકસાવવાનું નક્કી થયેલ હતું. નીચેનું કૌભાંડ કેટલી હોશિયારીથી આ મુન્દ્રા બંદર સંયુક્ત ક્ષેત્રમાંથી ખાનગી ક્ષેત્રમાં અદાણીને પધરાવી દેવાયું તેનો સિલસિલાબંધ ચિતાર છે. શરૂઆતમાં રાજ્ય સરકારે અદાણીને આપેલી કેપ્ટીવ જેટી (બંદર નહીં)ની મંજુરીનો ગેરલાભ લઈને પોતાની કંનપી એપીએલને મેરીટાઈમ બોર્ડની માલિકીની જીપીઆઈડીસીએલ કંપની સાથે કરાર કરી મુન્દ્રા બંદરને આગવું પોતાનું કરી જવાનો કારસો કર્યો અને બંનેની સંયુક્ત ભાગીદારીથી એક નવી કંપની જીએપીએલ નામની ઉભી કરી અને એપીએલ અને જીએપીએલ વચ્ચેના કન્સેશન કરાર એકીકરણની યોજનાના કરાવ્યા. આ કન્સેશન કરાર એ અભ્યાસ માંગી લેતો વિષય છે કે જે અદાણી અને રાજ્ય સરકારની માનસિકતા છતી કરે છે. કંપનીઓ વચ્ચે જ્યારે આ પ્રકારના કન્સેશન કરાર થાય ત્યારે હાઈકોર્ટની મંજુરી કંપની ધારા નીચે જરૂરી બની રહે છે. મુન્દ્રા બંદરનો પોર્ટ પોલીસી પ્રમાણે જ્યારે સંયુક્ત ક્ષેત્રમાં વિકાસ કરવાનો હતો ત્યારે તેમાં

● અનુસંધાન પાન-૭ પર